ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૩ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; પોષ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ધુમ્મસ ઉત્તરાયણમાં વિલન બન્યું

વહેલી સવારથી છેક બપોર સુધી છવાયેલા ગાઢ ધુમ્મસના કારણે આકાશમાં પતંગો ન ઉડી શક્યા : બપોર બાદ ધુમ્મસ ઓછુ થયુ પરંતુ પવન બંધ રહેતા પતંગ રસિયાઓ નિરાશ

ગાંધીનગર, તા. ૧૫

ઉત્તરાયણના દિવસે ભરપુર પતંગ ચઢાવી લેવાની અપેક્ષા અને તૈયારી સાથે વહેલી સવારે ધાબે ચઢેલા ગાંધીનગરાઓ ગાઢ ધુમ્મસ જોઈ સૌ પ્રથમ તો અચરજ પામ્યા હતા અને પતંગ ચઢાવી શકાય તેવુ વાતાવરણ ન સર્જાતા ભારે નિરાશ બન્યા હતા. છેક બપોર સુધી ધુમ્મસભર્યુ ભેજવાળુ વાતાવરણ રહેતા પતંગ ઉડાડવાની કોશીશ કરતા પતંગ રસિયાઓની પતંગ દોરી પણ ભીના થઈ ગયા હતા. પતંગ રસિયાઓ માટે ઉત્તરાયણનો આખો દિવસ નિરાશાભર્યો રહ્યો હતો. જો કે વાસી ઉત્તરાયણે વાતાવરણ ચોખ્ખુ બનતા અને પવન ચઢતા પતંગ રસિયાઓએ પતંગ ચઢાવવાનો ભરપુર આનંદ માણ્યો હતો.

ગાંધીનગર કોઈ હીલસ્ટેશન હોય તેવુ વાતાવરણ ઉત્તરાયણના દિવસે સર્જાયુ હતુ. સવારે થોડીકવાર માટે જ તડકો નીકળ્યા બાદ અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવવા માંડ્યો હતો અને વાતાવરણમાં ધીમે ધીમે ધુમ્મસ ફેલાવા માંડ્યુ હતુ. સવારે આઠ-નવ વાગ્યા સુધીમાં તો શહેરમાં એટલુ ગાઢ ધુમ્મસ ફેલાઈ ગયું હતુ કે વીસ-ત્રીસ મીટર દૂર માંડ જોઈ શકાતુ હતુ. એવું જ લાગતું હતુ કે જાણે કોઈ હીલસ્ટેશન પર આવી ગયા હોઈએ. ઘણા વસાહતીઓ આવા વાતાવરણનો આનંદ માણવા ફરવા નીકળી પડ્યા હતા. જો કે, સૌથી વધુ નીરાશા પતંગરસીયાઓને થઈ હતી. સવારથી જ ધાબા પર ચઢીને પતંગ ચઢાવવાની ઈચ્છા ધરાવતા પતંગ રસીયાઓ ભેજવાળા ધુમ્મસભર્યા વાતાવરણમાં પતંગ ઉડાવી શક્યા જ ન હતા.

પતંગ ઉડાડવાનો પ્રયાસ કરો તો પતંગ અને દોરી ભીના થઈ જતા હતા. છેક બપોર બાદ થોડોક તડકો નીકળ્યો હતો. જો કે બપોર બાદ જરાય પવન ન નીકળતા પતંગો ઉડી શકી જ ન હતી. સવારે ધુમ્મસના કારણે અને સાંજે પવન ન હોવાને કારણે ઉત્તરાયણનો આખો દિવસ પતંગ રસિયાઓ માટે નિરાશાજનક રહ્યો હતો.

વસાહતીઓએ ઘરે ઉંધીયુ-જલેબી ખાઈ દિવસ પસાર કર્યો હતો તો યુવાનોએ ધાબા પર મ્યુઝીક સાંભળી ડાન્સ કરી દિવસ પસાર કર્યો હતો. જો કે સાંજે ચાઈનીઝ તુક્કલથી આખુ આકાશ ઘેરાઈ ગયુ હતુ. આ વર્ષે ખુબ તુક્કલો ઉડ્યા હતા.

વાસી ઉત્તરાયણે વાતાવરણ ચોખ્ખુ બનતા, તડકો નીકળતા અને સાથે જ પવને ગતિ પકડતા પતંગ રસિયાઓને પતંગ ઉડાડવાની મજા પડી ગઈ હતી. બપોર બાદ આકાશમાં ખુબ પતંગો જોવા મળ્યો હતા. વાસી ઉત્તરાયણે વસાહતીઓએ પતંગ ઉડાડવાની ખરી મજા લુંટી હતી.

બે દિવસમાં ૧૦૮ને જિલ્લામાંથી ૧૩૨ ઈમર્જન્સી કોલ આવ્યા

ઉત્તરાયણના દિવસે નજીવી બાબતે મારામારીનાં ૭ બનાવો : પતંગ કાપીને ગાળા ગાળી કરી ઉશ્કેરણી કરાતા મારઝુડના બનાવ : ઉત્તરાયણ કરતાં વાસી ઉત્તરાયણમાં વધુ કોલ આવ્યા

ગાંધીનગર, તા.૧૫

ઉત્તરાયણને દિવસે મારામારી, ધાબા પરથી પડી જવું, દોરી વાગવાથી વાહન ચાલકે જીવ ગુમાવ્યા જેવી ઘટનાઓ ઉપરાંત આગ દુર્ઘટનાઓ પણ બનતી હોય છે. જો કે સદભાગ્યે ગાંધીનગર જિલ્લામાં આ ઉત્તરાયણે આવી જીવલેણ કોઈ ઘટના બનવા પામી નથી. મારામારીના સાત બનાવો બનવા પામ્યા હતા. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લામાંથી ૧૦૮ એમ્બ્યુલન્સને ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે ૧૩૨ ઈમર્જન્સી કોલ મળ્યા હતાં. સદભાગ્યે એકેય કોલ જાનહાનીની ઘટનાનો ન હતો.

ગાંધીનગર નજીક આવેલ વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી ઉત્તરાયણના દિવસે ૧૦૮ ઈમર્જન્સી સેવામાં વધુ કોલ આવ્યા હતાં. ગાંધીનગર જિલ્લામાંથી ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણમાં ૧૩૨ કોલ ૧૦૮ એમ્બ્યુલન્સને આવ્યા હતાં. જેમાં ઉત્તરાયણે મારામારીના સાત બનાવો હતાં. તે ઉપરાંત પેટમાં અસહ્ય દુખાવાના, કાર્ડીયાક, ખેંચ આવવાના, તાવ અને દાઝ્યાના પ્રેગનેન્સી રીલેટેડ,

● અનુસંધાન પાન-૭ પર

ધોળાકુવામાં પતંગ કાપવા બાબતે બબાલ થતા એકને ફેકચર

ધોળાકુવા ગામમાં વણઝારા વાસ ખાતે રહેતા મોહનભાઈ દલાજી વણઝારા અને અંબાપુરના ડુંગર કાળાભાઈ વણઝારા વચ્ચે ઉત્તરાયણના દિવસે પતંગ કાપ્યા બાદ ગાળાગાળી કરી ઉશ્કેરણી કરતાં બબાલ થઈ હતી. બપોરે આ બાબતે સમાધાન થઈ ગયું હતું પરંતુ સાંજે અંબાપુરથી ડુંગર વણઝારા પાછો ધોળાકુવા આવ્યો હતો અને હોકી મોહનભાઈના પગે મારીને ફેકચર કરી નાંખ્યું હતું. આ બાબતે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થવા પામ્યો છે.

ઉત્તરાયણની સાંજનો આકાશી નજારો

(તસવીર : કુંતલ નિમાવત)

પતંગની દોરીથી ઘવાયેલા ૬ પક્ષીઓની જીવનદોરી કપાઈ

પક્ષીપ્રેમી બર્ડ રેસ્ક્યુ ટીમ બંને દિવસ ખડેપગે : ઉત્તરાયણ પર્વમાં ૪૨ પક્ષીઓ દોરી વાગવાથી ઘાયલ થયા

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૧૫

ઉત્તરાયણ પર્વ પ્રજા માટે ખુબ મજાનો જ્યારે પક્ષીઓ માટે તેટલો જ સજાનો બની રહે છે. અવકાશમાં મુક્ત રીતે વિહરતા પક્ષીઓને ઉત્તરાયણ પર્વ દરમ્યાન અવકાશમાં ફરવા તો ઠીક પરંતુ ચરવા જવુ પણ ખતરારૂપ રહે છે. જો કે કેટલાક પક્ષી પ્રેમી યુવાનોની ટીમોએ પર્વની ઉજવણી આવા પક્ષીઓ પર બલીદાન કરી હતી. પતંગની દોરીથી અવકાશમાં વિહરતા ઘવાયેલા પક્ષીઓને સારવાર આપવા ઈન્દ્રોડા ગીર ફાઉન્ડેશન ખાતે બર્ડ રેસ્ક્યુ ટીમ ખડેપગે રહી હતી. પતંગની દોરીથી અવકાશમાં વિહરતા ઘવાયેલા પક્ષીઓને સારવાર આપવા ઈન્દ્રોડા ગીર ફાઉન્ડેશન ખાતે બર્ડ રેસક્યુ ટીમ ખડેપગે રહી હતી. ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી પક્ષીઓના દોરીમાં ફસાવવા ઉપરાંત ઘાયલ થયા અંગેના મળતા કોલ ઉપાડી સ્થળ પર જઈને પક્ષીને લઈ આવી ત્વરીત સારવાર પુરી પાડવાની ઉત્તમ કામગીરી આ ટીમો દ્વારા કરવામાં આવી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડ ખાતે આ કામગીરી માટે સબ સ્ટેશન બનાવી બીજી એક ટીમ તૈનાત રાખવામાં આવી હતી.

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ઉત્તરાયણ દરમ્યાન ૪૨ પક્ષીઓ દોરી વાગવાથી ઘવાયા હતા. જે પૈકી છ પક્ષીઓની જીવનદોરી પતંગની દોરી વાગવાથી કપાઈ ગઈ હતી. છ પક્ષીઓના મૃત્યુમાં પાંચ કબુતર અને એક બગલો હતા. તે ઉપરાંત પર્વ દરમ્યાન એક કાબર, એક બ્લેક આઈ.બી., ૩૩ કબુતર, એક સમડી, એક બગલો, એક ઘુવડ અને ત્રણ હોલા મળીને ૪૨ પક્ષીઓ પતંગની દોરીથી ઘાયલ થયા હતા. એક વેટરનરી ડોક્ટર, એક આસી. વેટરનરી ડૉક્ટર ઉપરાંત પક્ષી પ્રેમીઓની આખી ટીમ દ્વારા તમામ ઘાયલ પક્ષીઓને સારવાર અપાઈ હતી.

રાજ્યના ૨૨ અધિકારીઓને આઈએએસ કેડર

પૂર્વ કમિશનર ખરસાણ તથા અધિક કલેક્ટર ડૉ. મોડિયાનો સમાવેશ : ૧૯ અધિક કલેક્ટરોની પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ભારત સરકારે ગુજરાતમાં આઈએએસ કેડરમાં બઢતી માટે ૧૯ અધિક કલેક્ટર કેડરના અને ૩ અન્ય કેડરોના અધિકારીઓની પસંદગી કરી તે અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે.

ભારત સરકારના પર્સોનલ ડિપાર્ટમેન્ટ દ્વારા જેમની પસંદગી કરવામાં આવી છે. તેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ કમિશનર શ્રી સી.આર. ખરસાણ તથા વર્તમાન અધિક કલેક્ટર ડૉ. એમ.ડી. મોડિયાનો સમાવેશ થાય છે.

જે અધિકારીઓને આઈએએસ તરીકે બઢતી આપવામાં આવી છે તેમાં શ્રી એ.વી. કાલરિયા, પી.બી. ઠાકર, આર.બી. બારડ, સી.પી. નેમા, જે.ટી. અખાણી, સી.આર. ખરસાણ, આઈ.કે. પટેલ, બી.કે. કુમાર, એન.કે. ડામોર, ડૉ. એમ. ડી. મોડિયા, એસ.બી. પટેલ, એલ.કે. લાંગા, એમ. એ. પંડ્યા, આર.જી. ગોહિલ, ડી.એન. મોદી, કુ. ભાર્ગવી દવે, સી.જે. પટેલ, આર.જે. હાલાણી, આર.એસ. નિનામા જે ગુજરાત વહીવટીય સેવાની અધિક કલેક્ટર સંવર્ગમાંથી પસંદગી થઈ છે.

આ ઉપરાંત ત્રણ અન્ય સંવર્ગના અધિકારીઓની પસંદગી થઈ છે, તેમાં સુનિલ ઢોલી, તુસાર ધોળકિયા અને હાર્દિક શાહનો સમાવેશ થાય છે.

હવે ગુજરાત સરકાર આ સનદી અધિકારીઓને તેમની નવી નિમણુંકના હુકમો જારી કરશે.

રાજ્યમાં નવા રચાયેલા જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે તેમજ સરકારની કેટલીક ખાલી જગ્યાઓ પર નિમણુંક કરવામાં આવશે. આમ આ માસના અંત સુધીમાં વહીવટીતંત્રમાં વ્યાપક ફેરફારો થશે તેમ જાણવા મળેલ છે. રાજ્યના આ ૨૨ અધિકારીઓ ઉપરાંત ૧૦ સીધી ભરતીના અધિકારીઓની નિયુક્તી માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હવે કવાયત હાથ ધરવામાં આવશે.

પલ્સ પોલિયો અભિયાનમાં જિલ્લાના બે લાખ બાળકોને આવરી લેવાશે

૧૮મીએ આ અભિયાનનો આરંભ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી કરાવશે : ૮૦૦ થી વધુ બુથો બનાવાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર અને જિલ્લાના બે લાખ જેટલા બાળકોને ૧૮મીએ પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવશે.

શહેરના ૨૬ હજાર જેટલા બાળકો માટે શહેરમાં ૧૦૭ જેટલા બુથ ઉભા કરાશે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧.૭૦ લાખ બાળકો માટે ૭૦૮ જેટલા બુથ ઉભા કરવામાં આવશે.

પલ્સ પોલિયો અભિયાન બે તબક્કામાં યોજાયે છે. ચાલુ વર્ષનો પ્રથમ તબક્કો જાન્યુઆરીની ૧૮મીએ રવિવારના રોજ યોજાશે.

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો અભિયાનનો આરંભ રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી કરાવશે, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં શ્રીમતિ હીનાબેન પટેલ આ અભિયાનનો આરંભ કરાવશે.

● અનુસંધાન પાન-૭ પર

ઘ-૪ થી ગાડીમાં ભરેલા બે કુંડા કર્મચારીને ૫૦ હજારમાં પડ્યા

વાઈબ્રન્ટ દરમ્યાન સુશોભન માટે મુકેલા કુંડા પડોશીઓને ઘરે લાવતા જોઈ બે કર્મચારી મિત્રો લલચાઈ ગયા : ગાડી લઈને ઘ-૪ જઈ કુંડા ઉપાડ્યા ને પોલીસ જોઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૫

વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ગાંધીનગર શહેર તથા અમદાવાદથી ગાંધીનગરના આખા રૂટને વિવિધ રીતે સુશોભીત કરવામાં આવ્યુ હતુ. ઠેર-ઠેર રોશની કર્યા ઉપરાંત શહેરના માર્ગો ઉપર તથા કેટલાક સર્કલો પર રંગબેરંગી ફુલોથી સજ્જ કુંડાઓ પણ ગોઠવવામાં આવ્યા હતા. આ કુંડાઓને ઉપાડી-ઉપાડીને પડોશીઓ ઘરે લાવી રહ્યા હોવાનું જોઈ લલચાઈ ગયેલા બે કર્મચારી મિત્રો પણ ગાડી લઈને ઘ-૪ સર્કલે પહોંચી ગયા હતા. નસીબના કાઠા બન્ને કર્મચારીઓને કુંડા ગાડીમાં મુકતા જ પોલીસ જોઈ ગઈ ને ચા-પાણીના સમજી પતાવત કરવાનું નક્કી કર્યુ...! બંનેનુ નસીબ એટલુ ખરાબ કે તે જ સમયે ચા-પાણીના લઈ રહેલા પોલીસ કર્મચારીઓના સાહેબ આવી પહોંચ્યા ને તેમણે પતાવટ માટે ૫૦ હજારનો તોડ કર્યો હતો. બંને કર્મચારીઓને બે કુંડા ૫૦ હજારમાં પડ્યા હતા.

સમિટને અંતે પોલીસનો વાઈબ્રન્ટ 'તોડ'

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઘ-૪ સર્કલેથી સુશોભન માટે મુકેલા કુંડાઓની ઉઠાંતરી શરૂ થઈ ગઈ હતી. એક્ઝીબીશન પુરૂ થયુ તે જ સાંજે કુંડાઓ સગે-વગે થવા લાગ્યા હતા. પડોશીના ઘરે આ કુંડાઓ આવતા જોઈ સોસાયટીના બે મિત્રો (એક શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલા અને એક સરકારી કર્મચારી) પણ લલચાઈ ગયા હતા. એક ગાડી લઈને તે બંને પણ ઘ-૪ સર્કલે ઉપડી ગયા ને બે કુંડા ઉઠાવીને ગાડીમાં મુક્યા ત્યાંજ સે. ૭ પોલીસ મથકના બે કોન્સ્ટેબલ જોઈ ગયા..! ચા-પાણીના રૂપીયા આપીને પતાવટ કરવાનું નક્કી થયુ ત્યાં જ કોન્સ્ટેબલોના સાહેબ આવ્યા ને સમગ્ર વિગત

● અનુસંધાન પાન-૭ પર

વિસનગરા નાગર બેસણું

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **સ્વ. હંસાબેન ચીનુભાઈ દવે**નું તા. ૧૧-૧-૨૦૧૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૬-૧-૨૦૧૫ને શુક્રવારના રોજ ૩ થી ૫** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૪૬૯/૧, બંગલા નં.૨૩, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, ઘ-૬, સેક્ટર-૨૨, ગાંધીનગર

સ્તુતિ વ્યાસ (દીકરી) ● જ્યોત્સ્ના રમેશ પંડિત ● ડો. ઋષિકેશ દવે
મનન વ્યાસ (જમાઈ) USA ડો. પ્રજ્ઞા દવે

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. હરિહર મો. દવે, શ્રી હરનાથ મો. દવે

શ્રદ્ધાંજલિ

સ્વ. પલ્લવીબેન વલ્લભકુમાર દેસાઈ
સ્વ. તા. ૧૬-૧-૨૦૧૨

તુટ્યું આભ, ફાટી ધરતી, કાળની આ તે કેવી ગતિ,
અમ સર્વ ગયું લુંટાઈ, કોને કહેવી આપવીતી ?
મજબુર બનીને જોઈ રહ્યા તમારી આખરી વિદાય.
આંખમાં આંસુ દિલમાં તમારી યાદ છે.
હવે તમે પાસે નથી એ જ પ્રભુને ફરિયાદ છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

લિ.
વલ્લભકુમાર એચ. દેસાઈ
અભય પી. શાહ (જમાઈ) (C.A.)
દિશા વી. દેસાઈ (પુત્રી) રૂચિતા એ. શાહ (પુત્રી)
તથા સમસ્ત પરિવાર

ચાલો પીંપળજ... ચાલો પીંપળજ...

જાહેર આમંત્રણ

વિશ્વ કલ્યાણ અર્થે
શાસ્ત્ર, સંગીત અને સાહિત્યનો ત્રિવેણી સંગમ

શ્રીમદ્ ભાગવત્ કથા

: કથા પ્રારંભ : તા. ૧૬-૧-૨૦૧૫, શુક્રવાર બપોરે ૧:૦૦ કલાકે
: કથા વિરામ : તા. ૨૨-૧-૨૦૧૫, ગુરૂવાર સાંજે ૪:૦૦ કલાકે
: કથા સમય : બપોરે ૧:૦૦ થી ૫:૦૦

વક્તા
ગુજરાતના સુપ્રસિધ્ધ કથાકાર
પરમપૂજ્ય શ્રી કન્હૈયાલાલજી મહારાજ

:: કથા સ્થળ ::
શ્રી અંબાજી માતાનું મંદિર, ગાંધીનગર-મહુડી રોડ, મુ.પીંપળજ, તા.જી.ગાંધીનગર

આયોજક/નિમંત્રક : શ્રી મહિલા મંડળ તથા શ્રી સમસ્ત પીંપળજ ગામ
શ્રીમદ્ ભાગવત કથા, શ્રીરામકથા તથા શ્રી શીવકથા માટે સંપર્ક : ૯૪૨૮૨ ૧૭૫૫૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧